# અલથાણ પોલીસ સ્ટેશનનો ઘેરાવ, લાઠીચાર્જ





(તસવીરો : સતીષ જાદવ, હેમંત ડેરે)

**બારડોલીના** મોહંમદ અઝીઝ ઇલ્યાસે ધોરણ-10ની છાત્રાનો હાથ પકડતાં રોષ ફાટી નીકળ્યો

**સમાજની** છાત્રાની છેડતી થઇ હોવાનો મેસેજ ફરતો થતાં દસ હજાર જેટલા પાટીદારો એકત્ર થઇ ગયા

સુરતઃ સુરતના અલથાણ વિસ્તારમાં ધોરણ-10માં અભ્યાસ કરતી એક સગીર વિદ્યાર્થિનીની છેડતીની શરમજનક ઘટનાને પગલે સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. અલથાણ વિસ્તારમાં રહેતી અને ધોરણ-10માં અભ્યાસ કરતી સગીરા રસ્તા પરથી પસાર થઈ રહી હતી, ત્યારે બારડોલીના 45 વર્ષીય મોહંમદ અઝીઝ ઈલ્યાસે તેની છેડતી કરી હતી. આ વાત વાયુવેગે પ્રસરતા જ સ્થાનિકો અને હિન્દુ સંગઠનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. લોકોએ તુરંત આરોપીને ઝડપી લીધો હતો. જ્યારે પોલીસની '112' વાન ઘટના સ્થળે પહોંચી ત્યારે લોકોનો ગુસ્સો સાતમા આસમાને હતો. ઉશ્કેરાયેલા ટોળાએ કાયદો હાથમાં લઈ પોલીસ વાન પાસે જ આરોપી પર હુમલો કરી તેને મેથીપાક ચખાડ્યો હતો. સ્થિતિ તંગ બનતાં ઝોન-4ના DCP ડો.નિધિ ઠાકોર સહિત ACP, ખટોદરા, ઉમરા અને વેસુ પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે ઉતારી દેવામાં આવ્યો હતો. મોડી રાત્રે ટોળાને વિખેરવા પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો.



## ધારાસભ્ય મનુ પટેલ સહિતના નેતાઓને પોલીસ સ્ટેશનમાંથી બહાર કાઢવાની માંગ

વિધર્મીને અલથાણ પોલીસ મથકમાં લઈને આવ્યા બાદ પાટીદારોના ગ્રુપમાં ઝડપથી મેસેજ વાયરલ થયા હતા. જેથી હજારોની સંખ્યામાં પાટીદારો સહિતના લોકો અલથાણ પોલીસ સ્ટેશન ખાતે દોડી આવ્યા હતા અને પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો. દરમિયાન વાહવાહી લૂંટવા માટે આવેલા MLA મનુ ફોગવા સામે લોકોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને તેમણે તત્કાલિક પોલીસ સ્ટેશનથી નિકળવા રજૂઆત કરી હતી. જો કોઈપણ નેતા આ લડતમાં આવશે તો પાટીદારો હજી ઉગ્ર બનશે. તેમ રોષ વ્યક્ત કર્યો હતો. જેથી મનુ ફોગવાએ તાત્કાલિક ત્યાંથી દોડીને જવું પડ્યું હતું.

## લોકોએ ભાજપ ' 'હાય,હાય' 'ના નારા લાગ્યા હતા

મામલો બિચકતાં પોલીસે ભેગા થયેલા પાટીદારો પર અચાનક લાઠી ચાર્જ કર્યો હતો. જેથી ભાગદોડ મચી ગઈ હતી. દરમિયાન અનેક યુવકોએ ભાજપ ' 'હાય,હાય' 'ના નારા લગાવ્યા હતા અને પોલીસ સામે બાયો ચડાવી દીધી હતી. આરોપીને નહીં મારી શકતી પોલીસ અમારી ઉપર લાઠી ચાર્જ કરે છે. અમને મારી નાખો પણ અમે અહીં થી જવાના નથી.

## પોલીસના લાઠી ચાર્જમાં અનેક લોકો ઇજાગ્રસ્ત થયા

પોલીસે અચાનક લાઠી ચાર્જ કરતા ભાગદોડ મચી ગઇ હતી. જેથી મીડિયા કર્મીઓએ વીડિયો બનાવવાનું શરૂ કર્યું હતું. પરંતુ આ વાત પોલીસને ગમી ન હતી. જેથી તેઓએ મીડિયા સાથે પણ તોછડું વર્તન કરવા પર અને તેઓની સાથે ધક્કામુકી પર ઉતરી આવી હતી. બનાવને પગલે અનેક લોકોને ઇજા પહોંચી હતી અને લોહી પણ નીકળ્યું હતું.

## બેકાબૂ ભીડે આરોપીને ઢોરમાર માર્યો



વિદ્યાર્થિનીની છેડતીની ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો, જેમાં લોકોએ આરોપીને પકડી પાડી પોલીસને જાણ કરી હતી. જોકે, પોલીસની 112 વાન ઘટનાસ્થળે પહોંચતા જ ત્યાં હાજર ઉશ્કેરાયેલી ભીડ બેકાબૂ બની હતી અને પોલીસની હાજરીમાં જ આરોપી પર તૂટી પડી તેને ઢોરમાર માર્યો હતો. પોલીસ વાન પાસે જ લોકો દ્વારા કાયદો હાથમાં લેવાની આ ઘટનાને પગલે અફરાતફરી મચી ગઈ હતી અને પરિસ્થિતિ વધુ તંગ બની હતી, જેને કાબૂમાં લેવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો.

## ફરિયાદ લેવાની કાર્યવાહી ચાલુ : DCP નિધિ ઠાકુર

DCP નિધિ ઠાકુરે જણાવ્યું હતું કે, અલથાણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક દીકરી સાથે છેડતીના બનાવ બનવાની કોશિશ થઈ હતી. આસપાસના લોકો અને પીસીઆર વાને તાત્કાલિક આરોપીઓને હિરાસતમાં લઈને પોલીસ સ્ટેશન આવી ગયા છે. અત્યારે દીકરીના પેરેન્ટ્સ (વાલીઓ) અને ક્લાસ ટીચરની હાજરીમાં ફરિયાદ લેવાની કાર્યવાહી ચાલુ છે.

## પોલીસે સ્થાનિકોને શાંતિ જાળવવા અપીલ કરી

પોલીસે સ્થાનિક લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે અને ખાતરી આપી છે કે, આ મામલે કાયદાકીય રીતે સઘન તપાસ કરીને કસૂરવાર સામે કડક પગલાં લેવામાં આવશે. હાલ પોલીસ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે સતત પેટ્રોલિંગ કરી રહી છે.

# IPLના સટ્ટામાં કુખ્યાત બુકી મહારાજ અને કાનાના ખિસ્સામાં જ IPS છે?

**મહારાજનો** ડબ્બા ટ્રેડિંગનો પાંચસો કરોડનો ધંધો અને કાનાનો ગુજરાતમાં મોટો ધંધો હોવાની વાત

**ગજુ** અને મનોજની ફરીથી સત્તાવાર એન્ટ્રી દ.ગુજરાતમાં

સુરત : સુરતમાં એક હજાર કરોડના સટ્ટા કાંડમાં મહારાજ અને કાનાની, સેમ, બન્ટીન, મનોજ, ગજુની મોનોપોલી છે. આ લોકો આખું પોલીસ તંત્ર પોતાના ખિસ્સામાં હોવાની વાત કરી રહ્યા છે. સુરતમાં હજારો કરોડોના સટ્ટા કાંડમાં મોટા માથાઓ શહેરના ટોચના રાજકારણીનું નામ પણ ખરાબ કરી રહ્યા છે. અમારી ઓફિસમાં ઉઠક બેઠક હોવાની વાત કરનારા આ સટોડિયાઓ પોલીસદાદાઓને પણ ડરાવી રહ્યા હોવાની ચર્ચા પોલીસ બેડામાં છેડાઇ છે. ક્રિકેટના સટ્ટાની આઈડીઓ હવે કોલેજો અને શાળાઓમા માર્કેટિંગ કરાઈ રહી છે.

મહારાનું કતારગામ, વરાછા, ચોક, ઉત્રાણ, અમરોલી , સરથાણા, વરાછા કાપોદ્રા જેવા પોલીસ સ્ટેશનોમા ડબ્બા ટ્રેડિંગ અને આઈપીએલની આઈડીમા પોતાનું મોટુ નામ છે. આઈપીએલમાં મહારાજનો ધંધો 200 કરોડનો જ્યારે કાનાનો ધંધો પાંચસો કરોડનો હોવાની વાત છે. આ બે લોકો ગાંધીનગર સુધી પોતાની પહોંચ અને અધિકારીઓ સાથે પોતાનો ધંધો હોવાની વાત કરીને 'ફેંકમફેંક' કરી રહ્યા છે. આ મામલે ક્રાઈમ બ્રાન્ચ તપાસ કરેતો મોટા માથાઓના નામ આ લોકો બોલીને રોકડી કરી રહ્યા છે

## મનોજ અને ગજૂની એન્ટ્રી સત્તાવાર કરાઇ

મનોજ અને ગજૂને છેલ્લા બે વર્ષથી શહેરમા પોલીસ દ્વારા આકરી કાર્યવાહી કરવામા આવી રહી હતી. ત્યારે આ વખતે આ લોકો બિન્દાસ્ત ગોવા બેસીને ધંધો કરી રહ્યા છે. સરવાળે આ લોકોને પણ પરમીશન આપી દેવામા આવી હોવાની વાત છે. મનોજ અને ગજૂના ચિટીંગ કાંડ શહેરમા ફેમસ છે. આ ઉપરાંત અગાઉ મહાવીર હોસ્પિટલ પાસે એક હત્યામા આ લોકોના નામ વિવાદીત થતા રાજકીય દબાણની એસી તેસી કરીને ઉચ્ચ અધિકારીએ આ લોકોનો ધંધો બંધ કરાવી દીધો હતો.

## સેમ અને બન્ટી પણ બેફામ

દરમિયાન હાલમાં સેમ અને બન્ટીનો ધંધો પણ આઇડીને બેફામ છે. તેમાં સેમ રાજકીય આગેવાનનું નામ આગળ કરીને તેને બદનામ કરી રહ્યો છે. જ્યારે બન્ટી પણ ઉચ્ચ પોલીસ અધિકારીઓના નામ વાપરીને ધંધો કરી રહ્યો છે. આ સટોડિયાઓની ઉલટ તપાસ કરાયતો સંભવત ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે છે.

# પત્નીના આપઘાત કેસમાં સાત સાસરિયા નિર્દોષ જાહેર

સુરત : પરિણીતાના આપઘાતના દુષ્પ્રેરણા કેસમાં બારડોલી કોર્ટે સાત આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો. વર્ષ ૨૦૧૮માં પલસાણા ખાતે પરિણીત મહિલા ચા બનાવતી વખતે પ્રાઈમસ ફાટી જવાથી આગ લાગતાં દાઝી જવાથી તેણીનું મૃત્યુ થયું હતું. મૃતકની માતા જમનાબેનએ બાદમાં આ બનાવને આપઘાત માટે ઉશ્કેરણી અને પતિ પક્ષ દ્વારા સતામણીનો કેસ ગણાવી ફરિયાદ નોંધાવી હતી.

પલસાણા પોલીસે સાસરિયા પક્ષના સાત જણાં વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી બારડોલી સેશન્સ કોર્ટમાં થઈ હતી. બચાવ પક્ષ તરફથી એડવોકેટ બી.ટી. પાનવાલા, બી.બી. બિસ્કિટવાલા, મુકેશ મુથાએ દલીલ કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

# સુંવાલી દરિયામાંથી યુવકની લાશ મળી

સુરતઃ મૂળ જામનગરના વતની જય હિમાંશુભાઈ ત્રિવેદી (25 વર્ષ) હાલ જહાંગીરાબાદ વિસ્તારમાં આવેલ પ્રિન્સ એલિગ્ન્સ નામની બિલ્ડિંગમાં માતા સાથે રહેતો હતો. તે પાલ હવેલી પાસે આવેલી ઈલેક્ટ્રિક કંપનીમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મંગળવારે સવારે તે નોકરી માટે ઘરેથી નીકળ્યો હતો. પરંતુ મોડી સાંજ સુધી તે ઘરે પરત ફર્યો ન હતો. જેથી પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. તેમછતાં તેની કોઈ ભાળ મળી ન હતી. જેથી પરીવારજનોએ રાંદેર પોલીસ સ્ટેશનમાં તેની મિસિંગ રિપોર્ટ નોંધાવ્યો હતો. બુધવારે સવારે તેની મોપેડ સુંવાલી દરિયા કિનારેથી મળી આવી હતી. દરમિયાન ગુરુવારે બપોરે રાજગરી ગામ પાસેથી એક મૃતદેહ મળી આવ્યો હતો. સ્થાનિકોએ જાણ કરતા જયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ આજુબાજુના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતા આ મૃતદેહ જયનો હોવાનું સામે આવતા તેના પરિવારજનોને જાણ કરી હતી.


बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

**સચીન શાખા :** દુકાન નં.૬ અને ૭, સ્વસ્તીક પ્લાઝા, સુરત–નવસારી રોડ, તા.ચોર્યાસી, સચીન ફોન : ૦૨૬૧–૨૩૯૨૨૨૯
E-Mail Id : sachin@bankofbaroda.com

**કબજા નોટીસ** (સ્થાયી મિલકત માટે)
[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧)હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૧.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી શૈલેષભાઈ કાંતીલાલ પટેલ (દેવાદાર), શ્રીમતી આશાબેન શૈલેષ પટેલ (સહ–દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૧,૫૮,૩૧૪.૮૦/– (રૂા. અગિયાર લાખ અઠાવન હજાર ત્રણસો ચૌદ અને એંસી પૈસા પુરા) વત્તા વધારાનુ વ્યાજ અને અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એક્ટની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૨૪મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૧,૫૮,૩૧૪.૮૦/–** વત્તા વધારાનુ વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

"મા આંનદી ટાઉનશીપ" નો પ્લોટ નં. ૨૧૯ માપ ૩૮.૯૧ ચો. મી વણવહેચાયેલ મિલકત ના હિસ્સા સીઓપી અને રોડ માપ ૨૩.૫૨ ચો.મીટર જમીનનો રેવન્યુ સર્વે નં. ૮/૩ એ તેનો બ્લોક નં.૧૪ અને રેવન્યુ સર્વે નં. ૮/૩ એ તેનો બ્લોક નં. ૧૫, ગામ. દેલવાડા, સબ ડિસ્ટ્રીકટ. ચોર્યાસી, જી.સુરત ખાતે શ્રી શૈલેષભાઈ કાંતીભાઈ પટેલ ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : સોસાયટીનો આંતરીક રોડ ૩૦ ફુટ, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૨૭૦, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૨૧૮, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૨૨૦ આવેલ છે.

**તા.૨૪.૦૪.૨૦૨૬ । સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સચીન શાખા.**


# 2025-26માં સુરત એરપોર્ટ પર રેકોર્ડ બ્રેક 18.14 લાખ યાત્રી નોંધાયા

**સુરત** ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મુસાફરોનો વધારો, છતાં આંતરરાષ્ટ્રીય ઉડાનોમાં ઘટાડો

**મિડલ** ઈસ્ટ યુદ્ધ છતાં માર્ચ-2026માં 1.38 લાખ મુસાફરોની અવરજવર નોંધાઈ

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. સમગ્ર વર્ષ દરમિયાન કુલ 18,14,572 મુસાફરની અવરજવર નોંધાતા એરપોર્ટની વધતી લોકપ્રિયતા સ્પષ્ટ થાય છે.

નાણાકીય વર્ષમાં 1એપ્રિલ 2025થી 31 માર્ચ 2026 સુધી કુલ 16,06,882 ડોમેસ્ટિક પેસેન્જર અને 2,07,690 ઈન્ટરનેશનલ પેસેન્જર મળી કુલ 18,14,572 પેસેન્જર મળ્યા છે. નાણાકીય વર્ષમાં 18.14 લાખ પેસેન્જર સંખ્યા સાથે સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ એ અત્યાર સુધી સૌથી વધુ પેસેન્જર હેરફેરનો વિક્રમ સર્જ્યો છે. આ પૂર્વે નાણાકીય વર્ષ 2024-25માં 15,66,426 ડોમેસ્ટિક, 1,88,395 ઇન્ટરનેશનલ મળી 17,24,821 પેસેન્જરની અવરજવર નોંધાઇ હતી. એ રેકોર્ડ 2025/26 માં તૂટ્યો છે. ખાસ કરીને 2026 માર્ચ મહિનામાં જ 1,38,441 મુસાફરની અવરજવર નોંધાઇ છે. માર્ચ મહિનામાં કુલ 1,38,441 મુસાફરમાંથી 1,31,029 મુસાફર ડોમેસ્ટિક રૂટ પર રહ્યા, 7,412 મુસાફર આંતરરાષ્ટ્રીય ઉડાનોમાં રહ્યા, આ આંકડા દર્શાવે છે કે હાલ સુરત એરપોર્ટ પર ડોમેસ્ટિક મુસાફરીનું પ્રભુત્વ યથાવત છે.

માર્ચ દરમિયાન એરપોર્ટ પરથી કુલ 1,430.80 મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કરવામાં આવ્યું હતું, જે સુરતના ઉદ્યોગોને સપોર્ટ કરતી મહત્ત્વપૂર્ણ કડી તરીકે સાબિત થઈ રહ્યું છે.

## ખાડી સંકટને લીધે આંતરરાષ્ટ્રીય મુસાફર ઘટ્યા



આંતરરાષ્ટ્રીય મુસાફરોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે, જેના મુખ્ય કારણ તરીકે ખાડી ક્ષેત્રમાં સર્જાયેલા તણાવને કારણે શારજાહ અને દુબઈની ઉડાનો માર્ચ મહિનામાં બંધ રહેવી ગણાવવામાં આવી રહી છે. હાલમાં સુરતથી માત્ર બેંગકોક માટેની એક જ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ ચાલુ હોવાથી માર્ચ મહિનાના 7,412 આંતરરાષ્ટ્રીય મુસાફરો મુખ્યત્વે આ રૂટ પરથી મળ્યા છે. અંદાજે 7,000થી વધુ મુસાફરો બેંગકોક સેક્ટર સાથે સંકળાયેલા હોવાનું માનવામાં આવે છે, જોકે કેટલાક મુસાફરો સિંગલ PNR દ્વારા અન્ય આંતરરાષ્ટ્રીય ગંતવ્ય સુધી જોડાયેલા હોઈ શકે છે.

## છેલ્લા ત્રણ વર્ષમાં સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર પેસેન્જર ગ્રોથ

| નાણાકીય વર્ષ | ડોમેસ્ટિક પેસેન્જર | ઇન્ટરનેશનલ પેસેન્જર | કુલ પેસેન્જર |
|---|---|---|---|
| 2023- 24 | 13,01,191 | 79,561 | 13,80,821 |
| 2024- 25 | 15,66,426 | 1,88,395 | 17,24,821 |
| 2025-26 | 16,06,882 | 2,07,690 | 18,14,572 |

## 2025-26ના 12 મહિનામાં પેસેન્જરોની અવરજવર

| મહિનો | ડોમેસ્ટિક | ઈન્ટરનેશનલ | કુલ પેસેન્જર |
|---|---|---|---|
| એપ્રિલ | 1,31,790 | 16,316 | 1,48,106 |
| મે | 1,45,135 | 18,790 | 1,63,925 |
| જૂન | 1,27,652 | 15,560 | 1,43,212 |
| જુલાઈ | 1,16,149 | 16,213 | 1,32,362 |
| ઓગસ્ટ | 1,29,268 | 15,442 | 1,44,710 |
| સપ્ટેમ્બર | 1,19,185 | 15,676 | 1,34,861 |
| ઓક્ટોબર | 1,33,955 | 19,030 | 1,52,985 |
| નવેમ્બર | 1,50,725 | 19402 | 1,70,127 |
| ડિસેમ્બર | 1,36,576 | 21,465 | 1,58,041 |
| જાન્યુઆરી | 1,47,920 | 23,660 | 1,71,580 |
| ફેબ્રુઆરી | 1,37,318 | 18,724 | 1,56,042 |
| માર્ચ | 1,31,029 | 7,412 | 1,38,441 |
| કુલ | 16,06,882 | 2,07,690 | 18,14,572 |

## બેંગકોક ફ્લાઇટ પણ બંધ થવાની ભીતિ

મહત્ત્વની બાબત એ છે કે એર ઇન્ડિયા એક્સપ્રેસ દ્વારા બેંગકોક ફ્લાઇટ પણ બંધ કરવાની પ્રક્રિયા શરૂ કરાઈ રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. જો આવું થાય તો સુરત એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી સંપૂર્ણ રીતે અસરગ્રસ્ત થવાની શક્યતા છે. આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી માટે તાત્કાલિક પગલાં જરૂરી છે. વિશેષજ્ઞોનું માનવું છે કે સુરત જેવા ઝડપી વિકસતા શહેર માટે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ જરૂરી છે. ઉદ્યોગ અને વેપાર માટે સીધી આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી મજબૂત કરવી હવે સમયની માંગ બની છે.

# સચિનમાંથી ૮ કિલો ગાંજા સાથે ઉડિયા યુવાન ઝડપાયો

સુરતઃ સચિન પોલીસ મથકની સર્વેલન્સ ટીમે બાતમીના આધારે સચિન હોજીવાલા ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટમાં ફિલ્ડિંગ ગોઠવી ૮ કિલોથી વધુના ગાંજાના જથ્થા સાથે એક રીઢા આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે ગાંજો, મોબાઈલ અને મોટરસાયકલ મળી કુલ ૪.૫૬ લાખનો મુદ્દામાલ કબજે કરી નશીલા પદાર્થોની હેરાફેરીના આ રેકેટમાં સામેલ અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે.

સચિન પોલીસને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, હોજીવાલા ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટના રોડ નંબર-૦૭ પર એક શખ્સ માદક પદાર્થના જથ્થા સાથે પસાર થવાનો છે. બાતમીના આધારે પોલીસે બ્રાહ્મણી ટેક્ષ ફેબ નામની કંપની સામે વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થતા નારાયણ બંછાનીધિ પરીડા (ઉ.વ.૪૨) ને રોકી તેની તપાસ કરતા તેની પાસેથી કોથળામાં છુપાવેલો ૮.૦૨૦ કિલોગ્રામ વજનનો ગાંજો મળી આવ્યો હતો, જેની બજાર કિંમત અંદાજે રૂ. ૪,૦૧,૦૦૦ થાય છે. આ ઉપરાંત પોલીસે રૂ. ૫,૦૦૦ની કિંમતનો એક મોબાઈલ ફોન અને હેરાફેરીમાં વપરાયેલ રૂ. ૫૦,૦૦૦ની મોટરસાયકલ મળી કુલ રૂ. ૪,૫૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલ આરોપી નારાયણ પરીડા (રહે. સોમનાથ ટેક્ષટાઈલ, હોજીવાલા રોડ નંબર-૦૩, મૂળ રહે. ઓડિશા) ની સઘન પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. આ જથ્થો તેને પાલીગામ ખાતે રહેતી કુનીબેન નામની મહિલા પાસેથી ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી. આ ગાંજો તે કિશોરભાઈ નામના શખ્સને વેચાણ અર્થે આપવા જઈ રહ્યો હતો ત્યારે જ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે આ ગુનામાં સંડોવાયેલ કુનીબેન અને કિશોરભાઈને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.


DGVCL

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
CIN U40102GJ2003SGC042909
બારડોલી (સં. અને નિ) વિભાગીય કચેરી
૬૬ કે.વી.એસ.એસ. કંપાઉન્ડ,સુરત-બારડોલી રોડ, ને.હા.નં.-૬, બારડોલી-૩૯૪૬૦૧
ટોલ ફ્રી નં: ૧૯૧૨૩ (કે ૧૮૦૦-૨૩૩-૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ ૬૬ કેવી સબ-સ્ટેશનોમાંથી નીચે જણાવેલ ૧૧ કેવી ફીડર ઉપર જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં, કામગીરી પૂરી થયે કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

| અ.નં | સબ સ્ટેશનનું નામ | ફિડરનું નામ | પેટા વિભાગીય કચેરી | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ | વાર | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મોટી ફલોદ | ૧૧ કેવી ખોજ જેજીવાય | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૭.૦૪.૨૦૨૬ | સોમવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૨ | મોટી ફલોદ | ૧૧ કેવી પણદા એજી | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૭.૦૪.૨૦૨૬ | સોમવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૩ | મહુવા | ૧૧ કેવી પથરડીયા એજી | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૮.૦૪.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪ | મહુવા | ૧૧ કેવી સુપર પેપર મીલ ઇન્ડ | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૮.૦૪.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૫ | હરિયાલ | ૧૧ કેવી અમિતા ઇન્ડ | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૮.૦૪.૨૦૨૬ | મંગળવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૬ | મોટી ફલોદ | ૧૧ કેવી વાઘેચા એજી | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૮.૦૪.૨૦૨૬ | મંગળવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૭ | કડોદ (વાવ) | ૧૧ કેવી કડોદ જેજીવાય | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૯.૦૪.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૮ | કડોદ (વાવ) | ૧૧ કેવી ભામૈયા એજી | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૨૯.૦૪.૨૦૨૬ | બુધવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૯ | તરભોણ | ૧૧ કેવી તરભોણ જેજીવાય | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૯.૦૪.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૦ | તરભોણ | ૧૧ કેવી છીતરા એજી | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૯.૦૪.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૧ | તરભોણ | ૧૧ કેવી લક્ષ્મી જેજીવાય | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૨૯.૦૪.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૨ | આફવા | ૧૧ કેવી વઘાવા એજી | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૯.૦૪.૨૦૨૬ | બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૩ | આફવા | ૧૧ કેવી સાઈ રામ જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | ૨૯.૦૪.૨૦૨૬ | બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૪ | નોગામા | ૧૧ કેવી ક્વોરી ઇન્ડ | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૯.૦૪.૨૦૨૬ | બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૫ | નોગામા | ૧૧ કેવી ઝરપણ એજી | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૯.૦૪.૨૦૨૬ | બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૬ | નોગામા | ૧૧ કેવી પરવટ જેજીવાય | અરેઠ | ૮૯૮૦૮૦૩૮૬૬ | ૨૯.૦૪.૨૦૨૬ | બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૧૭ | બોરખડી | ૧૧ કેવી હનુમાન જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | 30.૦૪.૨૦૨૬ | ગુરૂવાર | ૦૮:૦૦ થી ૧૧:૦૦ |
| ૧૮ | મહુવા | ૧૧ કેવી તરસાડી જેજીવાય | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | 30.૦૪.૨૦૨૬ | ગુરૂવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૯ | મહુવા | ૧૧ કેવી અંચેલી એજી | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | 30.૦૪.૨૦૨૬ | ગુરૂવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૦ | બારડોલી | ૧૧ કેવી સરદાર-ટી-૨ અર્બન | બારડોલી ટાઉન | ૮૯૮૦૮૦૩૮૬૦ | 30.૦૪.૨૦૨૬ | ગુરૂવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૧ | મોતા | ૧૧ કેવી મોતા જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | 30.૦૪.૨૦૨૬ | ગુરૂવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૨ | મોતા | ૧૧ કેવી કારેલી જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૮૬૧ | 30.૦૪.૨૦૨૬ | ગુરૂવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૩ | કડોદ (વાવ) | ૧૧ કેવી મોરી એજી | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૦૧.૦૫.૨૦૨૬ | શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૪ | તરસાડી | ૧૧ કેવી ગોજી જેજીવાય | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૦૧.૦૫.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૫ | મહુવા | ૧૧ કેવી પથરડીયા એજી | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૦૧.૦૫.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૬ | તરસાડી | ૧૧ કેવી નિઝર એજી | મહુવા | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૦૧.૦૫.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |

નોંધઃ ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃ દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

કાર્યપાલક ઈજનેર(સં. અને નિ.)બારડોલી વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી/ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો



बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

**ભાઠા શાખા :** સુરત ડિસ્ટ્રીકટ રીજીન, જી એફ દુકાન નં. ૨૨–૨૮, સ્ટાર વર્લ્ડ, ગ્રીન સીટી રોડ, ભાઠા, જી.સુરત – ૩૯૪૫૧૦
ફોન નં : ૦૨૬૧– ૨૨૧૦૫૦૦, મો નં. ૮૯૮૦૦૧૦૮૯૪
Email :bhatha@bankofbaroda.com

**(સરફેસી એક્ટ, ૨૦૦૨ ની ધારા ૧૩ ની પેટા કલમ (૨) હેઠળ) દેવાદારને નોટીસ**

પ્રતિ, **૧. મેસર્સ શ્રી અરહમ એન્ટપ્રાઈઝ (ભાગીદાર પેઢી)**
દુકાન નં. ૧૦૮૦–૮૧, અવધ ટેક્ષટાઈલ માર્કેટ ૨, સરોલી, સુરત– ૩૯૫૦૧૦.
**૨. શ્રી સંજય પારસમલ જૈન (મેસર્સ અરહમ એન્ટપ્રાઈઝ ના ભાગીદાર) :** ફ્લેટ નં. એ–૭૦૩, ૭મો માળ, ટાઈપ–એ, સિધ્ધી ટાવર સમર્થ પાર્ક, અડાજણ સર્કલ નજીક, અડાજણ, સુરત– ૩૯૫૦૦૯
**૩. શ્રી સંજય પારસમલ જૈન (દેવાદાર) :** ફ્લેટ નં. એ–૭૦૩, ૭મો માળ, ટાઈપ–એ, સિધ્ધી ટાવર સમર્થ પાર્ક, અડાજણ સર્કલ નજીક, અડાજણ, સુરત– ૩૯૫૦૦૯
**૪. શ્રીમતી વિનીતા સંજય જૈન (સહદેવાદાર) :** ફ્લેટ નં. એ–૭૦૩, ૭મો માળ, ટાઈપ–એ, સિધ્ધી ટાવર સમર્થ પાર્ક, અડાજણ સર્કલ નજીક, અડાજણ, સુરત– ૩૯૫૦૦૯

**મહેરબાનશ્રી,**
**વિષય : અમારી ભાઠા શાખા, સુરત માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા.**
૧. અમારા **તા.૨૧.૧૦.૨૦૨૪ (ટર્મ લોન)** અને **૨૧.૧૧.૨૦૨૪ (સીસી)** ના રોજના પત્ર માં જણાવ્યા મુજબ **ADV/Retail-00002909591-LMS, & ADV/BHATHA/CREDIT/CC/1** બેંકની બાકી અંગે ના સંદર્ભમાં ક્રેડીટ સુવિધાઓની મંજુરી અને મંજુરીની શરતો જણાવતા ઉપરોકત મંજુરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીક્યોરીટી પૂરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.
૨

| સુવિધાનો પ્રકાર | લીમીટ | વ્યાજનો દર | તા.૧૨.૦૪.૨૦૨૬ ના રોજ બાકી | કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત |
|---|---|---|---|---|
| કેશ ક્રેડિટ લોન ખાતા નં. ૮૨૮૫૦ ૫૦૦૦૦ ૦૦૦૧ | રૂા. ૧,૩૦,૦૦,૦૦૦/– | ૯.૦૦%+ ૨% (પેનલ વ્યાજ) વાર્ષિક | **રૂા.૧,૨૯,૯૧,૧૪૯.૨૯** મુળ રકમ + રૂા. ૫૬૫૯૯.૬૯ લાગુ નહી કરેલ વ્યાજ+ રૂા.૨૪૧૩૯૦.૦૦ અનસર્વડ વ્યાજ+ રૂા. ૨૨૬૪.૦૦ ચક્રવૃદ્ધિ વ્યાજ = રૂા.૧,૩૨,૯૧,૪૦૨.૯૮ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | ઈક્વીટેબલ મોર્ગેજ કરેલ મિલકત સિધ્ધી ટાવર સમર્થ પાર્ક, અડાજણ સર્કલ નજીક, સુરત ખાતે હાઈપોથીકેશન થયેલ સ્ટોક, બુક ડેબ્ટ, દુકાન નં. ૧૦૮૦–૮૧ અવધ ટેક્ષટાઈલ માર્કેટ–૨ સરોલી, સુરત–૩૯૫૦૧૦ આવેલ છે. જેનું ઈન્સ્ટ્રુમેન્ટ ઓફ ડીપોઝીટ ઓફ ટાઈટલ ડીડ તા. ૧૬.૦૧.૨૦૨૫ ના રોજ, રજીસ્ટ્રેશન. નં. ૧૩૧૪ સબ–રજીસ્ટ્રાર સુરત –૮ અડાજણ, જી.સુરત ખાતે થયેલ છે |
| હોમ લોન ખાતા નં. ૮૨૮૫૦ ૬૦૦૦૦ ૦૧૬૪ | રૂા. ૨૭,૭૩,૦૦૦/– | ૭.૫૫%+ ૨% (પેનલ વ્યાજ) વાર્ષિક | **રૂા.૨૬,૧૨,૧૪૨.૦૦** મુળ રકમ + રૂા. ૧૮૮૧૭.૬૪ લાગુ નહી કરેલ વ્યાજ + રૂા.૪૯૮૪૧.૪૭ અનસર્વડ વ્યાજ+ રૂા. ૭૫૩.૦૦ ચક્રવૃદ્ધિ વ્યાજ = રૂા.૨૬,૮૧,૫૫૪.૧૧ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | |
| કુલ | રૂા. ૧,૫૭, ૭૩,૦૦૦/– | | રૂા. ૧,૫૯,૭૨,૯૫૭.૦૯ વધરાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | |

**સુરક્ષીત કરેલ મિલકત નું વર્ણન**
**પ્રાથમિક સુવિધા :** હાઈપોથીકેશન નો સ્ટોક ના કાચો માલ, માલ, બુક ડેબ્ટ થયેલ દુકાન નં. ૧૦૮૦–૮૧ અવધ ટેક્ષટાઈલ માર્કેટ–૨ સરોલી, સુરત–૩૯૫૦૧૦.
**સમાતરીક સુવિધા :** તમામ હક હિત અને સબંધ ધરાવતી સ્થાયી મિલકત 'સિધ્ધી ટાવર' ના ૭મા માળ નો ફ્લેટ નં. એ/૭૦૩ સુપર બિલ્ટઅપ એરીયા માપ ૧૧૮૫.૦૦ ચો.ફુટ એટલે કે ૧૧૦.૧૩ ચો.મીટર અને બિલ્ટઅપ એરીયા માપ ૯૯.૩૬ ચો.મીટર વણવહેંચાયેલ હિસ્સા માપ ૨૦.૬૬ ચો.મી સાથે જમીન ઉપર થયેલ બાંધકામ જમીન નો વણવહેચાયેલ હિસ્સો પ્લીન્થ લેવલ જમીન ફાઈનલ પ્લોટ નં. ૮૫, ટી.પી.સ્કીમ નં. ૧૨ (અડાજણ) રેવન્યુ.સર્વે. નં. ૬૨૫/૧–૨ મોજે અડાજણ , તા. સીટી (ચોર્યાસી), જી.સુરત ખાતે આવેલ છે.જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** પેસેજ / દાદર કેશ અને ફ્લેટ નં. એ/૭૦૪, **પશ્ચિમ તરફ :** માર્જીન જગ્યા, **ઉત્તર તરફ :** માર્જીનની જગ્યા, **દક્ષિણ તરફ :** ફ્લેટ નં. એ/૭૦૫ .

૩. **તા.૨૫.૧૧.૨૦૨૪ (સીસી)** ના રોજ લોન કરારના દસ્તાવેજોના આધારે બેંકની રકમ **રૂા.૧૩૦૦૦૦૦૦/–** અને **તા. ૨૧.૧૦.૨૦૨૪** ના રોજ **રૂા. ૨૭૭૩૦૦૦/– (ટીએલ)** અને બેંકની ગાઈડલાઈન મુજબ અન્ય બેંકના ચાર્જીસની જવાબદારી સ્વીકારી છે. ૪. જેમ તમે જાણો છો, તમે કસુર કર્યો છે/ નાણાકીય શિસ્ત જાળવી રાખી નથી, ઉપરોક્ત નાણાકીય સહાય/ ક્રેડિટ સુવિધાઓનું સંચાલન અને આચરણ તમારી ઉપરોક્ત ક્રેડિટ સુવિધાઓમાં અનિયમિત થયુ છે. **તમે ટર્મ લોન તા ૧૦.૦૧.૨૦૨૬** ના રોજ તમે જાણો છો કે તમે **માર્ચ–૨૦૨૬** ની તમારા લોન ખાતા માં નાણાકીય અનુશાસનહીનતા કરી છે. તે મુજબ **તા.૦૧.૦૩.૨૦૨૬** ના રોજ આ એકાઉન્ટ નોન–પરફોર્મીંગ એસેટ (એનપીએ) તરીકે વર્ગીકૃત કરેલ છે. **૫.** તમે કરેલ કસુર બદલ તમારો ટર્મ લોન એકાઉન્ટ નોન–પરફોર્મીંગ એસેટમાં **તા.૦૧.૦૩.૨૦૨૬** ના રોજ વર્ગીકૃત કરેલ છે. જે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ છે. અમે વાંરવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. ૬. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી ટર્મ લોન ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૧,૫૯,૭૨,૯૫૭.૦૯/– (અંકે રૂપિયા એક કરોડ ઓગણસાઠ લાખ બોત્તેર હજાર નવસો સત્તાવન અને નવ પૈસા પુરા) + વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ની જવાબદારી પેરા–૧ માં જણાવ્યા મુજબ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે, જેની નોંધ લેશો.૭. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૮. તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૯. વધુમાં અમે ધારા ૧૩ની પેટા કલમ ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** ૧૦. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધિત છે.

**તા.૧૩.૦૪.૨૦૨૬, સ્થળ: સુરત** **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ભાઠા શાખા**